सत्यमेव जयते

રજુ.તા.    ૧૯/૦૪/૨૦૧૮
દાખલ તા. ૧૯/૦૪/૨૦૧૮
ફેંસલ તા.  ૨૩/૦૬/૨૦૨૬

**ઝગડીયાના મહેરબાન અધિક ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ)સાહેબની કોર્ટમાં,મુ.ઝગડીયા.**

ફોજ.કેસ.નં.૩૯૧/૨૦૧૮

આંક :

શ્રી સરકાર .....ફરીયાદી

વિરૂધ્ધ

(૧) દિપક ઉર્ફે શિલોન બચુભાઈ તડવી,
રહે. પાણેથા,તા.ઝઘડીયા,જી.ભરૂચ......આરોપીઓ

| | |
|---|---|
| ગુન્હો | જી.પી.એકટ ૧૪૨ મુજબ.... |

ફરીયાદી તરફે વિ.એ.પી.પી શ્રી એન.પી.ઉમરીયા.

આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી–એ.કે.ચૌહાણ.

– : ચુકાદો : –

(૧) ફરીયાદ પક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીએ કોઈપણ જાતની પરવાનગી વગર ભરૂચ જિલ્લામાં પ્રવેશ કરી મહે. સબ ડીવીઝનલ મેજી.સા.શ્રી ઝઘડીયા નાઓના ક્રમાંક હદપાર કેસ

નં. ૩૬/૨૦૧૬/વશી–૭૫૭ થી ૭૬૧/૨૦૧૬, તા. ૦૬/૦૨/૨૦૧૬ ના હુકમથી ભરૂચ, નર્મદા, વડોદરા, સુરત, શહેર જીલ્લામાથી વર્ષ ૨ માટે હદપાર કરેલ હોય તેઓ સાહેબશ્રીના હદપારી હુકમનો ભંગ કરી પકડાઈ જઈ, જી.પી.એકટ ૧૪૨ મુજબ ગુનો કર્યાની ફરિયાદી ની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી, તપાસનીશ અધિકારીને તપાસ સોં પતાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરી લાગતા વળગતા શાહેદોના જવાબો નોંધી, આરોપીઓ સામે પૂરતો પુરાવો જણાતા ક્રિ.પ્રો. કોડ ની કલમ ૧૭૩ મુજબ હાલનું ચાર્જશીટ કરેલ છે.

(૨) સદરહું કામે આરોપી સામે સમન્સ કરતાં, આરોપીઓ હાજર થતાં તેઓને ક્રી.પ્રો. કો.ક.૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરી,આરોપીનુ નિવેદન નોંધવામાં આવતાં, તેઓએ તેમની સામેનાં આરોપનો ઈન્કાર કરતાં સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીઓનું ક્રી.પ્રો. કો.ક.૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે.

(૪) ત્યારબાદ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો. પક્ષકારોનાં વિ.વ.શ્રીની દલીલો સાંભળી. સદરહું કેસનો ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે :–

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે આ કામના આરોપીએ કોઈપણ જાતની પરવાનગી વગર ભરૂચ જિલ્લામાં પ્રવેશ કરી મહે. સબ ડીવીઝનલ મેજી.સા.શ્રી ઝઘડીયા નાઓના ક્રમાંક હદપાર કેસ નં. ૩૬/૨૦૧૬/વશી–૭૫૭ થી ૭૬૧/૨૦૧૬, તા. ૦૬/૦૨/૨૦૧૬ ના હુકમથી ભરૂચ,

નર્મદા, વડોદરા, સુરત, શહેર જીલ્લામાથી વર્ષ ૨ માટે હદપાર કરેલ હોય તેઓ સાહેબશ્રીના હદપારી હુકમનો ભંગ કરી પકડાઈ જઈ, જી.પી.એકટ ૧૪૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓ અન્વયે મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

<u>– : કા ર ણો : –</u>

<u>મુદા નંબર ૧ ફ–</u>

(૬) ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ ''પુરાવાનું મુલ્યાંકન'' શબ્દને પુરાવાનાં કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામા આવેલ નથી કે તે માટે કાનુન સમર્પિત કોઈ નિયમ નથી, પુરાવાનું મુલ્યાંકન કેવીરીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાનાં મુલ્યાંકનનો આધાર પુરાવાનાં કાયદાની કલમ–૩માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદ પક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માગતા હોય તો પણ

તેમણે પુરાવાના કાયદાની કલમ ૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૭) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવામાં ઉપસ્થિત થયેલ હકીકતને ધ્યાને લઈએ તો,સદર કામે આંક–૭ થી ફરીયાદી વસંતભાઈ દલસુખભાઈ, આંક–૧૩ થી પોલીસ સાહેદ અજીતભાઈ અભેસીંગભાઈ, આંક–૧૪ થી શાંતિલાલ નારસિંગભાઈ, આંક–૧૭ થી ત.ક.અ જયેન્દ્રભાઈ જયંતિભાઈ નાઓની જુબાની નોધવામા આવેલ. જેમા સદરહુ સાહેદોએ આંક–૮ થી રજુ ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકતોને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે. ત્યારબાદ સદર સાહેદોની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાથી ફરીયાદપક્ષના કેસને મદદરૂપ નીવડી શકે તેવી કોઈ સચોટ હકીકત બહાર આવતી જણાઈ આવતી નથી. વધુમા ત.ક.અ ની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા સદર કામે આરોપીની ઓળખ પરેડ કરાવવામા આવેલ નથી તેમજ બનાવવાળી જગ્યાની આસપાસ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમજ સદર કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, આ કામના આરોપી પોલીસ સાહેદોના જણાવ્યા અનુસાર સ્થળ પરથી મળી આવેલ હોય અને તે આરોપીની ઓળખ પરેડ સંબંધી કોઈ યોગ્ય પ્રક્રિયા હાથ ધરવામા આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. જેથી ત.ક.અ આ કામના આરોપીની ઓળખ પરેડ સંબંધી કોઈ તપાસ કરી શકેલ ન હોય ફરીયાદપક્ષ આ કામના આરોપીની ઓળખ સંબંધી હકીકતો પુરવાર

કરવામા નિષ્ફળ નિવડેલ છે. ત્યારબાદ જે સ્થળેથી આરોપીની અટકાયત કરવામા આવેલ ત્યા બનાવને નજરે જોનાર સાહેદો સહેલાઈથી મળી શકવાની હકીકતનો ત.ક.અ એ સ્વીકાર કરવા છતા કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલા નથી તે બાબત પણ ફરીયાદપક્ષના કેસ સમક્ષ શંકા ઉપસ્થિત કરે છે. વધુમા ત.ક.અ એ કયા કારણોસર તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવાનો પ્રયત્ન કરેલ નથી તે અંગેનો કોઈ જ યોગ્ય ખુલાસો રેકર્ડ પર કરેલ નથી. ત્યારબાદ પોલીસ સાહેદોએ તેઓની જુબાનીમા જે પંચ સાહેદોની રૂબરૂમા પંચનામાની કાર્યવાહી કરેલ હોવાની હકીકત જણાવવામા આવેલા છે તે આંક–૧૨ થી રજુ આરોપીની શરીર સ્થિતિના પંચનામાના પંચ સાહેદ રોહીતભાઈ મનુભાઈને હાલના કામે આંક–૧૧ થી તપાસવામા આવેલા છે. સદરહુ પંચ સાહેદે પણ તેઓની જુબાનીમા પોલીસે તેઓને તૈયાર પંચનામામા સહી કરાવેલ અને તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી કે તેઓની રૂબરૂ કોઈ ઈસમની અટક કરવામા આવેલ નથી તેવી હકીકત જણાવેલ છે. આમ, સદર પંચ સાહેદે પણ પંચનામામા જણાવેલ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે સદર પંચ સાહેદને ફરી ગયેલ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવામા આવેલ છે પરંતુ તેમાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ નીવડે તેવી કોઈ હકીકત મળી આવેલ નથી. આમ, પોલીસ સાહેદો જે પંચ સાહેદોની રૂબરૂ પંચનામુ કરેલ હોવાની હકીકત જણાવી રહયા છે તે પંચ સાહેદની જુબાની જોતા વિશ્વસનીય હોવાનુ જણાઈ આવતુ નથી. આમ, ફરીયાદપક્ષ સ્વતંત્ર, સચોટ, સબળ અને વિશ્વસનીય પુરાવાથી આરોપીપક્ષ સામેનો કેસ સંશયરહીત પુરવાર

કરી શકેલ હોવાનુ જણાઈ આવતુ નથી. આમ,સમગ્ર પુરાવો જોતાં આ કામના આરોપીએ ફરીયાદમા જણાવ્યા મુજબનુ કોઈ કૃત્ય કરેલ હોવાનુ પુરવાર થતુ ન હોય,આ કામના આરોપીએ જી.પી.એકટ ૧૪૨ મુજબનો ગુનો કરેલ હોય તેવો કોઈ પણ પુરાવો રજુ કરવામાં આવેલ નથી ત્યારે આરોપી સામેનો આરોપ શંકા થી પર સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય મુદા નંબર ૧ નો નિર્ણય તે રીતે નકારમાં ઠરાવી મુદા નં.૨ હેઠળ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

૧. આરોપીને ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ: ૨૪૮ (૧) હેઠળ જી.પી.એકટ ૧૩૫ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ અગાઉ આપેલ જામીન, હુકમની તારીખથી છ મહીના સુધી (અપીલ સમય સુધી) ચાલુ રાખવા.

હુકમ આજરોજ, ખુલ્લી અદાલતમાં,વાંચી સંભળાવી, જાહેર કર્યો.

તારીખ : ૨૩-૦૬-૨૦૨૬

સ્થળ : ઝઘડીયા

( **J.S.RATHORE** )

**ADDI CIVIL JUDGE & J.M.F.C**

**JHAGADIA,**

**JUDGE CODE NO GJ01695**